गुजराती, उर्दु व्याकरण,

संगोप.

"ગાયકવાડ સરકારના રાજ માંહેલી ઉર્દુ નિશા-
ળોના છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓ સારૂ."

रचनार,

काजी एहमदअली गुलामअली फरव,

શીનોરકર,

નવસારી સરકારી ઉર્દુ સ્કૂલના મુન્શી.

અમદાવાદ—'આર્યોદય પ્રેસ.'

ઈ० સ० ૧૮૫૨.

કિંમત.

૦-૩-૦

પ્રસ્તાવના.

કોઈ પણ ભાષા શિખતા પહેલાં તે ભાષાના નિયમથી વાકેફગાર થવું ઘણુંજ અગત્યનું છે.

શ્રીમંત સરકાર ગાયકવાડ સેના ખાસ ખેલ સમશેર–બહાદુરના રાજ માહેલી ઉર્દુ નિશાળોમાં ગુજરાતી તથા ઉર્દુ વ્યાકરણનો સંયોગ કરાવવામાં આવેછે. તેથી તે શિખવતાં કેટલાક મુન્શીઓને ઘણીજ હરકત પડે છે. તે દુર થવા સારૂ ઉર્દુ છઠ્ઠા ધોરણમાં જ્યાં સુધી વ્યાકરણ ચલાવવામાં આવેછે. ત્યાંસુધીનો સંયોગ કરી આ પુસ્તકનું નામ "ગુજરાતી, ઉર્દુ, વ્યાકરણ, સયોગ" પાડયું છે.

ગુજરાતી અગર ફારસી એ બે વ્યાકરણો પૈકી જે માણસને એક વ્યાકરણનું જ્ઞાન હશે તેને બીજી ભાષાનું જ્ઞાન આ પુસ્તકના અવલોકનથી ઘણીજ ટુંકી મુદતમાં થઇ જશે.

સૃષ્ટિનો નિયમછે કે "માણસ પોતે પોતાની ભૂલ કહાડી શકતો નથી." માટે મારા પ્રિય વાંચકોને વિનંતી કરૂંછું કે આ પુસ્તકમાં કદી કાંઇ ભૂલ દ્રષ્ટિએ પડે તો તેને સુધારવા સેવકને લખી જણાવવાની તસ્દી લેશો તો સેવક આપનો આભાર માનશે.

લી.

કા. એ. ફે. શીનોરકર.

સવૈયો.

વિક્રમ સરખા પરાક્રમીને, કિસરા સરખા આદિલ રાય,
કિર્તિ જન મંડળમાં પ્રસરી, થયું રામનું રાજ મનાય.
ઘડી ઘડીને પળપળ નિશદિન, પરજા ઉપર રાખે લાડ;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૧
ચુગલખોર લુચ્ચાને ઠગારા, દગલબાજ સૌ પામ્યા નાશ,
અકબર સરખી રાજ નીતિ છે, નથી હવે વેરાનો ત્રાસ.
સાડિ વેરા ને, કંઠી વેરાની, નથી હવે સંભળાતી રાડ;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૨
કહાં વરિષ્ટને મુનસીફ કોરટ, કહાં જડજ કોરટ સારી,
કહાં હતુ આ જંગલ ખાતુ, કહાં હતી આ આબકારી.
કહાં હતુ ઓડીટ કંટીજંટ, કેળવણીનાં સુન્દર ઝાડ;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૩
ધંન તુરૂપ પલટણ ને રિસાલા, બાડી ગાર્ડનાં બાંકા સ્વાર,
કાળા, ગોરા, આવા શુરા, કહાં હતાં પહેલા સરદાર.
લૂટ ધાડનો ભય નવ રાખી, પ્રજા ઊંઘે ખુલ્લે કમાડ;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૪
રાય ઘણા સતવાદી શુરા, રાય ઘણા શાણા છો આપ,
સ્ટાર ઑફ ઇંડયાનો રાણીએ, અતી ઉત્તમ આપ્યો અલકાબ.
ફીમેલ ટ્રેનિંગ કાલેજ નિશાળો, કન્યાશાળા કરી અપાર;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૫

શુરા સયાજી શાણા રાજા, અચળ રહો આબાદ રહો,
फरत्र કહે છે, મિત્ર સુખીને, વેરી એહના બરબાદ રહો.
શોક કષ્ટને ચિંતા મનની, એ સર્વે તું ઇશ મટાડ;
અચળ રહો અમ ઉપર રાજા, શ્રી સયાજી ગાયકવાડ. ૬

દોહરા.

રાય જવાહિર પારખે, હીરામણી તમામ.
દલાલની કારીગરી, કદી ન આવે કામ.

ગુજરાતી ઉર્દુ વ્યાકરણ.

સંયોગ.

—o—

ઉર્દુ વિષે.

૧ ઉર્દું એ ફારસી ભાષાનો શબ્દ છે. (અને એનો) અર્થ લશ્કર થાયછે. એની પેદાએશ શાહેજહાં બાદશાહના વખતમાં થઇ છે. કારણકે એ બાદશાહના દરબાર અને લશ્કરમાં અરબ, ઇરાની, તુરાની, તુરકી અને હિન્દુસ્તાની ઘણાક લોકો નોકર હતા. અને તેઓ એક બીજા સાથે વાત ચીત કરતા તેથી અરબી, ફારસી, સંસ્કૃત, ઈત્યાદિ ભાષા મિશ્ર થઈ આ નવીન ભાષા પેદા થઇ એ ભાષાને જબાને રેખતા પણ કહેછે.

વ્યાકરણ વિષે.

૨ ભાષાના નિયમ જે શાસ્ત્રમાં હોય તેને વ્યાકરણ કહેછે. ગુજરતી ભાષાના નિયમ જે શાસ્ત્રમાં હોય તેને ગુજરાતી વ્યાકરણ, અને ઉર્દું ભાષાનાં નિયમ જે શાસ્ત્રમાં હોય તેને ઉર્દું વ્યાકરણ કહેછે.

અક્ષર એટલે હર્ફ.

શબ્દ એટલે લફઝ.

૩ જે ઉચ્ચાર માણુસના મોંમાંથી થાયછે તેને શબ્દ કહેછે. સાધારણ શબ્દનાં છ પ્રકાર કરી શકાય. એ બાબતનો વિશેષ ખુલાસો પ્રસંગ આવે કરવામાં આવશે.

वाक्य એટલે जुमला.

૪ જેના બોલ્યાથી સાંભળનાર પૂરેપૂરી મતલબ સમજી જાય, તેને વાક્ય કહેછે. વાક્ય બેથી કમી શબ્દનું થઇ શકતુ નથી; જેમ મોહન આવ્યો. એથી સાંભળનારને માલુમ થયું કે બોલનાર મોહનનાં આવ્યાની ખબર કરેછે.

अपवाद.

ગુજરાતી વ્યાકરણમાં અક્ષર વિચાર, શબ્દ વિચાર, ને વાક્ય વિચાર એ પ્રમાણે ત્રણ ભાગ છે. તેમ ઉર્દુમાં પણ છે પરંતુ તેમાં इसम=(નામ) फएल=(ક્રિયાપદ) हर्फ=(અક્ષર) એવા ત્રણ ભાગછે.

१ अक्षर विचार. એટલે बयाने हर्फेत जी.

२ शब्दविचार ,, बयाने क. ठमा.

३ वाक्यविचार. ,, इलमे नहु.

अपवाद.

મુળાક્ષરને માટે અમુક નામ મુકરર નથી. પરંતુ ગુજરાતીમાં સ્વર અને વ્યંજન એવા મુળાક્ષરના બે ભેદ છે. તેવા ઉર્દુમાં પણછે.

५ स्वर એટલે हरकत, અથવા हर्फे इल्लत.

જેમ ગુજરાતીમાં સ્વર બાર છે. તેમ ઉર્દુમાં નથી. એટલે

ઉર્દુમાં ત્રણ હર્ફે ઇલ્લત અને ત્રણ હરકત મળી કુલ છ સ્વર છે. **अलेफ, वाव, ये,** હર્ફે ઇલ્લત છે અને **जबर, जेर पेश** એ હરકત છે. હર્ફે ઇલ્લત અને હરકતના સંયોગથી નીચે મુજબ સ્વરનો ઉચ્ચાર થાય છે.

જેમ અલેફ જબર (अ) અલેફ મદ્દા અગર અલેફ અલેફ જબર (आ) અલેફ યે જેર (इई,) અલેફ, વાવ, પેશ. (उऊ) અલેફ જેર (ए) અલેફ યે જબર (ऐ) અલેફ, હમ ઝા, વાવ, પેશ. (ओ) અલેફ. વાવ. હમઝા. પેશ. (औ) અનુસ્વારનો ઉચ્ચાર **नुनगुन्ना** થી થાય છે. અને વિસર્ગનો ઉચ્ચાર હે (ह) થી થાય છે.

व्यंजन એટલે हर्फे तेहजी.

ટીપ—ઉર્દુ એ મિશ્ર ભાષા છે. એમ કલમ પહેલીમાં કહ્યું છે. સબબ અરબીના (૨૮) ફારસીના (૪) અને હિન્દીના (૩) એ એ રીતે ચુંટણી કરી કુલ (૩૯) વ્યંજન મુકરર કર્યા છે.

अरबी— **अलेफ. बे. ते. षे. जीम.**
अ. ब. त. च. ज.

हे. खे. दाल. जाल. रे.
ह. ख. द. जक. र.

जे. सीन. शीन. स्वाद. ज्वाद.
ज. स. श स. ज.

तोय. जोये. अयन. गयन. फे.
त. ज. अ. ग. फ.

कआफ. काफ. लाम. मीम. नुन.
क. क. ल. म. न.

वाव. हे. ये.
व. ह. य.

फारसी— पे. चे. झे. गाफ.
प. च. झ. ग.

हिन्दी— टे. डाल. अडे.
ट. ड. ड.

बाराक्षरी એટલે **तखती.**

जोडाक्षर એટલે **हर्फे मुश्दद.**

टीप—ગુણ અને વૃદ્ધિ તથા સંધિના નિયમ ભાષાની રૂઢી વિરૂદ્ધ હોવાથી બાદ કર્યા છે તોપણ પ્રસંગ આવે જણાવવામાં આવશે.

शब्द विचार એટલે **बयाने कलमा.**

૭ પ્રતિ પાદિકને માટે ખાસ નામ મુકરર નથી. એનો સમાવેશ **तकसिमे माअरेफा**માં થાયછે.

नाम એટલે इस्मे—जामेद.

सर्वनाम. ,, ज़मीर.

विशेषण. ,, स्विफत्.

क्रियापद. ,, फएल.

अव्यय. ,, हर्फे माअनवी.

૮ विशेषनाम એટલે अलम જેમ મોહન, નર્મદા, પાસીફિક, અરવલ્લી, ઈત્યાદિ.

૯ सामान्यनाम એટલે नकेरा=(ઇસ્મેઆમ)જેમ, ઘર, ઘોડા, સ્લેટ, પેન, કબાટ, ચોપડી, ઈત્યાદિ.

૧૦ भाव वाचक नाम એટલે स्विफते मुशब—बाह. જેમ-ચાલાક, બહાદુર, વિદ્વત્તા, મોટાઇ, ઇત્યાદિ.

૧૧ जाति. એટલે जिन्स.

नरजाति. ,, मुजक्क-कर.

नारीजाति,, मोअन-नष.

नान्यतरजाति,, इस्मे गेर मुनस्वरेफ.

અગર મુષતિષના કે ઇસ્મે. સાલિમ કહેછે. જેમ. ઘી, પાણી, મોતી, દહીં ઇત્યાદિ.

वचन એટલે इसमे अदद.

१२ એક વચનને वाहेद અને બહુ વચનને जमेअ કહે છે.

विभक्ति हालत.

१३ જેમ ગુજરાતી ભાષામાં પહેલીનો પ્રત્યય નથી. તેમજ ઉર્દુંમાં પણ નથી.

बिजी विभक्ति=हालते मफउली.

प्रत्यय એટલે अलामत.

બીજીનો પ્રત્યય को છે. જેમ. ગાય को લકડી મારી=ગાયને લાકડી મારી. ઇ૦

त्रीजी विभक्ति=हालते फाएली.

એનો પ્રત્યય ने છે. જેમ લડકે ने કિતાબ પઢી=એટલે છોકરા-એ ચોપડી વાંચી. ઇ૦

ચોથી વિભકિતનો પ્રત્યય પણ को છે પરંતુ તે વાસ્તે કાજે માટે, સારૂના અર્થમાં વપરાય છે. જેમ. મોહનલાલપઢને को મુંબાઇ ગયા=મોહનલાલ ભણવા ने માટે મુંબાઇ ગયો ઇ૦

पांचमी विभक्ति=हालते जरूरी.

એનો પ્રત્યય से છે જેમ મેં ઘરસે આયા એટલે હું ઘરથી આવ્યો ઇ૦

छठी विभक्ति=हालते इजाफत.

એના પ્રત્યય. का. के की रा रे री ना ने नी છે.

का के की.

જેમ ઉसका, ઉसके, ઉसकी (તેનો, તેનાં, તેની) ઇ૦

रा, रे, री,

એ પ્રત્યય પહેલા તથા બીજા पुरुषમાં વપરાય છે. જેમ મेरा, મेरे, મेरी (મારો, મારાં, મારી,) બીજા पुरुषમાં તુ,મ્હारा તુમ્હारे તુમ્હारी (તમારો, તમારાં, તમારી) ઇ૦

ना, ने, नी,

જેમ અપना અપने અપनी (આપણો, આપણાં, આપણી) ઇત્યાદિ.

सातमी विभक्ति=जर्फे मकां.

એનો પ્રત્યય में છે. જેમ કિતાબ में (ચોપડીમાં) ઇ૦

संबोधन=हालते निदा.

એના પ્રત્યય अजी, अबे, होत, ઇત્યાદિ છે. જેમ अबे છોકરે. (ઓ છોકરા) ઇત્યાદિ.

विशेषण=इस्मे स्वीफत.

१४ गुणविशेषण=इस्मे तफज्वील.

એના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે.

१. =तफज्वीले नफसी.

જેમ અચ્છા (સુંદર) ઇત્યાદિ.

२ तफज्वीलेब अ ज्व.

જેમ બહોત અચ્છા (મહા સુંદર) ઇ૦

३ तफज्वीले कुल.

જેમ બહોતહી અચ્છા (અત્યંત સુંદર) ઇત્યાદિ.

संख्या विशेषण=इस्मे अदद.

विशेष्य=मोस्वुफ.

संख्या वाचक=इस्मे अदद.

જેમ એક, દો, દસ, બાર, પંદર વિશ ઇ૦

संख्यानुक्रम वाचक=स्वीफते अददी.

જેમ પહેલો, બીજો, ત્રીજો. (પેલા, દુસરા, તીસરા) ઇ૦

(टीप) આવૃતિ વાચકનો સમાવેશ. ઈસ્મે તફજવીલમાં થઇ જાય છે.

१.६ सर्वनाम=ज्वमीर.

पहेलो पुरुष=मुत्-कल्लिम.

જેમ. मैं. हम. (હું. હમો.) ઈત્યાદિ.

बीजो पुरुष=हाज्वेर અથવા मुखातीब.

જેમ तुम, तुभ. (તુ તમો) ઇત્યાદિ.

त्रीजो पुरुष=गाएब.

જેમ. **वोह.** वे. (તે. તેઓ) ઇ૦

दर्शक. सर्वनाम=इस्मे ईशा रह.

૧૭ એના (કરીબ) અને (બઇદ) એવા બે પ્રકારછે.

करीब= પાસે પ્રત્યય એના બેછે. જેમ. એક વચન.**येह** અ) બહુ વચન **ये.बइद**=દુર=છેટે. પ્રત્યય. એના બેછે. જેમ **वोह** એક વચન **वे** બહુ વચન (પેલું પેલાં. વે) ઇ૦

१८ प्रश्नार्थक. सर्व नाम=इस्मे इसतिफ-हाम.

જેમ **कोन, कोनमा,** (કોણ, કયો) ઇ૦

१९ संबंधी सर्व नाम=इस्मे मोस्वुल.

જેમ. **जो, जुं.** (જે. જેમ) એ ઉપરથી. બીજા પણ શબ્દો થાય છે. અને તેની સાથે ખાસ કરી. **तो, सो, वो=(त)=हर्फे ज** **जा** હોયછે જેમ **जो देगा. सो. पावेगा**=(જે આપશો તે લે-શો) ઇ૦

२० सामान्य सर्वनाम=इस्मे मूब हम.

જેમ **क्या कुछ** (શું કાંઇ, કશું) ઇત્યાદિ.

२१ क्रियापद=फेअल.

कर्त्ता = फाएल.

कर्म = मफऊल.

જેમ લડકા કિતાબ પઢતા હે (છોકરો ચોપડી વાંચેછે.) એમાં
ડકા=(છોકરો) **कर्त्ता** અને કિતાબ=(ચોપડી) **कर्म** છે.

२२ धातु=हास्सील मस्वदर.

જેમ માર, ઝપટ, ગભરાહટ, બનાવટ, મિઠાશ, શીફારીશ,
ઇત્યાદિ.

२३ सिद्ध धातु=मस्वदरे मुफरद.

જેમ કરના, આના, ઉડના, બેઠના, (ખાવું પીવું ઉઠવું,
ઇ૦

साधित धातु=मस्वदरे मुरक-कब.

જેમ લીખવાના, પીલવાના.=(લખાવવું પીવરાવવું) ઇ૦

अनुकरण वाचक=लफझे मोह मेल.

જેમ છમ છમ, હંણ હંણ, ધમ ધમ ઇત્યાદિ.

सकर्मक= फेअले मुत अददी.

अकर्मक=फेअले लाज्मी.

२४ **द्विकर्मी** નો સમાવેશ. ફેઅલે મુતઅદદીમાં થઇ જાય છે. અને **उभयविध** તે ધાતુને કહેછે કે જેનો સમાવેશ કોઇવાર **लाज्मी** અને કોઇવાર **मुतअददी**=(સકર્મક તથા અકર્મક) બન્નેમાં થાયછે. એનું ઉર્દુ વ્યાકરણમાં અમુક નામ મુકરર નથી.

प्रयोज=मुत् अदृदी बदो मफउल

જેમ કરાના=(કરાવવું) ઇત્યાદિ.

द्वित्व प्रयोज=मुत अदृदी बिल वास्ता.

જેમ સમજવાના=(સમજાવડાવવું ઇ૦

भेद = तर्ह.

मूळभेद= फेअले माअरुफ.

જેમ લીખતા હું=(લખુંછું) ઇત્યાદિ.

शक्यभेद=फेअले मजहुल.

જેમ લીખા ગયા=(લખાયું) ઇત્યાદિ.

अर्थ=मनशाए मुत् कल्लिम.

स्वार्थ=जुमलए इनशाइया.

જેમ. કરતા હું-કરેગા. (કરૂંછું કરશે) ઇત્યાદિ.

आज्ञार्थ=स्वुरते अमरीया.

જેમ તુખા, તુંબેઠ=(તુંખા, તું બેસ) ઇત્યાદિ.

अनुज्ञा=इजाजत.

જેમ મૈં જાઉં બંદાઆવે=(હું જાઉં સેવક આવે.) ઇ૦

प्रार्थना=इलतेजा.

જેમ મુઝે મઆફકરો=(મને માફ કરો) ઇ૦

उपदेश=तंबीह.

જેમ તુમ દિલ લગાકર પઢો=(તમે મન લગાડીને ભણો)ઇ૦

आशिर्वाद=दुआए नेक.

જેમ તેરા ભલા હોઇયો=(તારૂં ભલું થજો) ઇ૦

शाप=दुआए बद.

જેમ તેરા બુરા હોઇયો=(તારૂં માઠું થજો) ઇ૦

संकेतार्थ=माज्वी तमननी.

જેમ કરતા, ખાતા, પઢતા (કરત, ખાત, ભણત,) ઇત્યાદિ.

काळ=जमानह.

૨૭ वर्तमानकाळ=जमानए हाल.

જેમ કરતા હું, ખાતા હું, લીખતા હે (કરૂંછું, ખાઉછું, લખેછે)ઇ૦

भुतकाळ=जमानए माज्वी.

જેમ કીયા, હુવા, દીયા. (કીધું, થયું, આપ્યું) ઇ૦.

भविष्यकाळ=जमानए मुसतक बिल.

જેમ કરૂંગા, લીખેગા, (કરીશ, લખીશ,) ઇ૦

अनियमित वर्तमान=मुज्वारअ.

જેમ દેવે, લેવે, પઢે (આપે, લે, ભણે ઇ૦

चालुभूत=माज्वी इस तिम रारी.

જેમ ખાતાથા, દોડતાથા (કરતો, દોડતો,) ઇ૦

संकेत भूत=माज्वीशर्ती.

જેમ તુમકરતે તો મેં કરતા (તમે કરતતો હું કરત ઇ૦

सहाय कारक क्रियापद=फेअले ताकीदी.

જેમ મારડાલના, ખાજાના, (મારી નાખજો, ખાઇ જજો)ઇ૦

आज्ञार्थ भविष्य=मस्वदरे मिजाज.

જેમ તુને કરનાં, તુને આનાં (તારે કરવું, તારે આવવું) ઇ૦

कृदंत=माज्वी मुतलक.

જેમ કીયા, દિયા, લાયા, (કર્યું, દીધું, લીધું)ઇ૦

ટીપ—સંયુક્ત ક્રિયાપદનો સમાવેશ ફેઅલે મુરક્કબમાં થાયછે

૨૮ क्रियानाथ फाइल.

कर्तरि प्रयोग=फाइल. फेअल. लाज्मी.

कर्मणि प्रयोग=फाएल. फेअले माअरुफ.

भावे=फाएल फेअले मजहुल.

अव्यय=हर्फे माअनवी.

२९ क्रिया विशेषण.

काळ वाचक=जर्फे जमां.

જેમ આજ, કલ, પરસું અભી, ફિલહાલ, (આજે, કાલે, પરમ દહાડે અત્યારે અમણા) ઇત્યાદિ.

स्थळवाचक=जर्फे मकां.

જેમ યહાં, વહાં, કહાં, કિધર, આગે, તર્ફ, સિમત, જહત, નજદીક (અહીં, ત્યાં, કયાં, કેણીગમ, આગળ, નજીક,) ઇ૦

स्थितिवाचक.

न्युनता=हर्फे. तक. लील

જેમ જરા, જરાસા, કમ, કદરે, કલીલ, (લગરીક, કાંઇક, કં-ચીત.) ઇ૦

तृप्ति=हर्फे. सयरावी.

જેમ બસ, ઇતના, બહોત, જીયાદા, (બહુ, ઢગ, એટલું.) ઇ૦

अधिकता=हर्फे अफजुनी.

જેમ ખુબ, બહોત, નીહાયત, (બહુ, પુષ્કળ, અધિક.) ઇ૦

रीतिवाचक.

गुणदर्शक=हर्फे स्वीफाती.

જેમ અચ્છા, બુરા, રવહીહ, ગલત, મુનાસિબ દુરસ્ત (ભલું, ભુંડુ, ખરૂં, ખોટું, વાજબી, ગેરવાજબી.) ઇ૦

निश्चयार्थ=हर्फे इकरारी या तस्कीनी

જેમ જરૂર, બેશક, ખાસ કરકે, બહોત કરકે (ખચીત, મુકરર, અવશ્ય, ખરેખર, નકી, બેશક, ખસુસ,) ઇ૦

शंशयार्थ=हर्फे शक.

જેમ શાયદ, બાશુદ, (કદાચ, કદાશ, કદાપિ.) ઇ૦

स्वीकारार्थ=हर्फे इजाब

જેમ હાં, અચ્છા, હું. (હા, હોવે, ભલે.) ઇ૦

नकार=हर्फे इनकार.

જેમ ના, નહીં, હરગિજ (ના, નહીં, માં.) ઇ૦

३० शब्दयोगी

काळवाचय जर्फे जमां-

જેમ પેશતર, કબલ, બાઅદ, આગે, પીછે, (પૂર્વે, પહેલાં, પછી.) ઇ૦

स्थळवाचक=जर्फे मकां

જેમ પાસ, સાથ, હમરાહ, ઉપર, (પાસે સાથે, કને.) ઇ૦

कारण दर्शक हर्फे जार

જેમ વાસ્તે લીયે, જુજ, સિવાય, (કાજે, માટે, વિના, અર્થે, મારફતે) ઇત્યાદિ

३१ उभयान्वयी

समुच्चयदर्शक=हर्फेअतफ

જેમ ઓર, વ, કર, (અને, તથા, ને,) ઇ૦

विकल्पदर्शक=हर्फे. तरदीद

જેમ ખ્વાહ, યા, ચાહો, નહીં, તો, (કીંવાં, અથવા, અગર, કે.) ઇ૦

विरुद्ध अथदर्शक=हर्फे इषतिषना

જેમ મગર, ગયર, તોભી, ઇલ્લા (પણ, પરંતુ, તથાપિ, તોપણ) ઇ૦

कारणबोधक=हर्फे सबबी

જેમ કયુંકે ઇસ લિયે ઇસ વાસ્તે (એટલે તે માટે, કારણ કે) ઇ૦

वाक्य वर्धक हर्फे वयानीया

જેમ કેહ; ચુનાચે, જયસાકે, (જે કે) ઇ૦

संकेतबोधक=हर्फे इस तिद राक

જેમ લેકિન (જો કે તોપણ) ઇ૦

२२ **केवळप्रयोगी**

हरखदर्शक=इजहारे फरहत

જેમ સુબ હા નહા, અહાહાહા, વાહવા, (હાશ, આહા વાહ) ઇત્યાદ.

शोक दर्शक=अलफाजे नदबा

જેમ આહ, હાય, વાવેલા, દરેગા, મુસ્વીબતા, (ઓયહાયરે, હાયહાયરે, ઓરે) ઇ૦

तिरस्कार=मजंमत

જેમ થુઃ, થુડી, (થુઃ ધિક, ફટ) ઇ૦

आश्चर्यदर्शक=हर्फ तअज जुब

જેમ વાહવા, અહાહાહા (વાહવા, આહા) ઇ૦

शाबाशी=हर्फे तेहसीन

જેમ જજા કલ્લા, મરહબા, જહે, હબ બજા (ભલે, ધન્ય, શાબાશ.) ઇત્યાદિ.

समाप्त.

જાહેર ખબર.

નીચે દર્શાવેલાં પુસ્તકો હમારે ત્યાંથી અથવા નવસારી સરકારી ગુ. શાળાના સંસ્કૃત ટીચર બાળચંદ્ર રવિશંકર જોષી તરફથી રોકડી કિંમત મોકલી દેતાં બુકપોસ્ટથી અ-થવા વેલ્યુપેએબલથી મોકલી આપવામાં આવશે. જથાબંધ લેનારને કમીશન મળશે. નોટપેડ કાગળ લખવો નહીં.

મોઅલ-લ-મુલ-ઇન્શા એ. ફ. શીનોરકર કૃત.		૦—૨—૬
ઉદ્યોગશતક પ્રથમનેત્ર. બા. ર જોષી કૃત.		૦—૨—૬
શારદા વિક્રમ અહંઅહમિકા	,,	૦—૨—૦
સાસરે જતી સુતાને માની શિખામણ	,,	૦—૨—૬
ઉદ્યોગશતક દ્વિતીયનેત્ર.	,,	૦—૨—૬
ઉર્દૂ ગુ. વ્યાકરણ સંયોગ, એ. ફ. શીનોરકર કૃત.		૦—૩—૦